જડજમેંટ.

શ્રી વલસાડમાં મરહુમ શેઠ હોરમજી ભીખાજી ચીનાઈએ અગીઆરી બધાવેલી છે, તીઆરથી તેવણુ અને તેવણુના ગુજરવા બાદ તેઓના વારશોએ મજકુર અગીઆરી ઉપર પોતાનો માલીકીપણાનો હક આજ શુધી કાએમ રાખેલો છે, એમ છતા ફીરોજજી પેશુતનજી દસતુર મજકુર અગીઆરી વીશે એમ બોલતા આવેલા હતા કે તકરારી અગીઆરી મારા વડીલોથી ઉતરતા કબજાની મારી છે એમ કરી માલીક તરીકેની સત્તા ચલાવવાની કોશીશ કરતા જણાઆ, તીઆરે મજકુર હોરમજી ચીનાઈના વારશો શેઠ ખરશેદજી તથા શેઠ જાગીરજીએ વલશાડના મોબેદાના ધમબાગ ફડના તરશટીઓને ઇસ્વીશન ૧૮૭૬માં અગીઆરીની શઘળી તરાની દેખરેખ રાખવા વીગેરેના અખતીઆર મુબઈ મધે રેજીશટર કરી આપીઆ તે રેજીશટરને આધારે ધમબાર ફડના તરશટીઓએ વલશાડના શબોરડીનેટ જડજ શાહેબની કોરટમાં ફીરોજજી ઉપર અગીઆરી ચીનાઈની માલેકીની છે એમ ઠરાવી ફરીઆદ કીધી હતી તેનો મી૦ એદલજી મનજીભાઈ મુનશફ શાહેમે પુરાવો લઈ ચીનાઈના લાભમા ઇગરેજીમા હોકમનામુ ના ૧૭૯૪ શને ૧૮૭૬નુ કરી આપેલુ છે, અને તેના ગુજરાતી ચોપાનીઆ છપાવીને શરવે લોકોમા પરશીધ કીધેલા છે.

એટલુ છતાં વલી ફીરોજજીના છોકરા ખરશેદજીએ પેલા ધમબાર ફંડના તરશટીઓ માહેના જમશેદજી પેશુતનજી વીગેરે ઉપર વલશાડના રાવ બહાદુર મામલતદાર શાહેબની કોરટમાં ના ૩ શને ૧૮૮૯ની વગર પુરાવાએ એજ અગીઆરી બાબત ફરીઆદ કીધો, અને તે ફરીઆદ અરજીમાં ખરશેદજીએ લખેલુ છે કે, તકરારી અગીઆરીનુ મકાન હમારા કબજા ભોગવટામા હતુ, તેમાં તા૦ ૧૨ જાનેવારી ૧૮૮૯ને રોજે પરતીવાદી જમશેદજી પેશુતનજી વીગેરે ઘુશી ગઆ તેને કાહાડો, એમ ખરશેદજીએ ફરીઆદ કીધી તે બાબત વલશાડના રાવ બાહાદુર મામલતદાર શાહેબે પુરાવો લઈ વાદી ખરશેદજીનો દાવો રદ કરી પરતીવાદીના લાભમા તા૦ ૨૭ ઓગશટ ૧૮૮૯ને રોજે જડજમેટ

આપેડી, અને વાદી ખરશેદજી પાશેથી પરતીવાદીનો ખરચ અપાવી- આ એ જડજમેટનો શાર જાણવાની કેટલાએક શાહેબોની ખાહેશ થવાથી તે છપાવી જાહેર કરવાની જરૂર પડી છે

કબજા કેશ નાં૦ ૩. શને ૧૮૮૯.

(મુબઈ આક્ટ ૩. શને ૧૮૭૬ મુજબ)

વલશાડ મામલતદારની કોરટમાં.

વાદી { ખરશેદજી ફીરોજજી } વકીલ મી૦ નાગરજી ત્રીકમજી

મતીવાદી { જમશેદજી પેસુતનજી વીગરે } વકીલ મી૦ ધીરજલાલ ભગુભાઈ

તા૦ ૨૭ આગશટ ૧૮૮૯.

વાદી ખરશેદજી ફીરોજજી દાવા અરજીમાં લખે છે કે અમુક હદ મેહેદુદનુ મકાન કદીમથી ઘણી પેહેડીથી અમારા સવતતર માલકીપણાના હકથી હમારા કબજા ભોગવટામા હતુ તેમા તા૦ ૧૨મી જાનેવારી સને ૧૮૮૯ને રોજે પરતીવાદીઓ ઘણા માણશો શાથે જબરાઇથી દાખલ થઆ, અને (બરશનુમ) તથા (જશન) ની કીરીઆ કીધી તથા કરાવી, અને તીઆરથી સદરહુ મકાનનો કબજો કરી બેઠા છે માટે મારો સવતતર કબજો પાછો અપાવો, તથા શદરહુ મકાનમા આવતા પરતીવાદીઓને મનાઇ હોકમ કરો એટલે નીચેના મુદાઓ ઉપર ઇનશાફ માગે છે

મુદા.

અ (૧) દાવો કરેલી મીલકતનો કબજો, અથવા ઉપીઓગનો કબજો, અથવા ઉપભોગ, વાદીની પાશે અથવા તેની તરફથી કોઇપણ માણશની પાશે, અથવા જેના સબધથી તે દાવો કરતો હોએ તેની પાશે ફેરીઆદ થઆનો અગાઉ છ મહીનાની અદર કોઇપણ વખતે હતો કે કેમ ?

(૨) ફરીઆદની વખત પરતીવાદીનો કબજો છે કે નહિ, અને હાએ તો તેણે તે કબજો કાએદા પરમાણે

ઇઓગીઅ રીતે કામ ચલાવીઆ વગર બીજી રીતે લીધો છે કે કેમ ?

ब (૧) દાવો કરેલી મીલકતનો કબજો, અથવા ઉપીઓગનો ઉપભોગ, વાદીની પાશે અગવા તેની તરફથી કોઇ માણશની પાશે ખરેખર છે કે કેમ ?

(૨) તેના સદરહુ પરકારના કબજાને અથવા ઉપભોગને પ્રતીવાદી હરકત અથવા અડચણ કરે છે કે કેમ ? અથવા પ્રતીવાદીએ હરકત અથવા અડચણ કરવા ને ઇઅતન કરેઓ છે કે કેમ ?

(૩) ફરીઆદ ફાઇલ થવાની અગાઉ છ મહીનાની અન્દર સદરહુ પરકારની હરકત અથવા અડચણ અથવા સદરહુ પરકારનો ઇઅતન કરેલી હરકત અથવા અડચણ પરથમ સરૂ થઇ છે કે કેમ ?

જે મકાન વીશે દાવો છે, તે વલસાડ કશબામાં દશતુર મોહલાની અગીઆરી છે તે (ચીનાઇની) અગીઆરી એવે નામે ઓલખાએ છે બને પખશો તરફથી કબુલ કરવામા આવેઉં છે કે (અગીઆરી) એ એક આખી પારશી વસતીને સારૂ બદગી તથા કીરીઆ કરવાનુ ધરમનુ મકાન છે આવા પરકારનો હેતુ બરાબર રીતે પાર પડે તેટલાસારૂ **તે કોઇ અમુક માણશની સવતંતર માલકીનું હોવું નોઇએ.** ધરમનાં ફરમાનો વીશે વીચાર કરતા બરાબર ગુણોવાળાં માણશોના સરખા હક વાપરવામા આવે તે સારૂ તે મકાન હમેશ ખોલુ હોવુ જોઇએ એવી અગીઆરીનુ કામકાજ બરાબર રીતે ચાલે અને તેનુ ઊપરીપણુ રાખવા વીગેરે સારૂ આખી પચના તરફથી દશતુર નીમાએ છે, તેમના તાબામાં રહીને તેણે આ કામ કરવાનુ છે વાદીના બાપ ફીરોજજી પેશુતનજી પેહેલાં આ પરમાણેના દસતુર હતા. તેઓ આ ચીનાઇની અગીઆરીમાં કામકાજ તેઓએ દશતુરના ઓધાની રૂએ કરતા હતા દીવાની મુકદમો ના. ૧૭૮૪ સને ૧૮૭૬, જેમા એ. ફીરોજજી તથા તેનો છોકરો હાલનો વાદી પખશકાર હતા તેમાં ફીરોજજીએ આપેલી લબાઇ શાખશીની નકલ આ કામમાં નીશાંણી F થી દાખલ છે. તેમાં પોતાનો અખતીઆર કેટલો છે, તે ફીરોજીએ આ પરમાણે લખાવેલુ છે. "તકરારી

"અગીઆરીનો કબજો ભોગવટો હુ વલશાડની અન્જુમનના તરફથી "ચલાવુ છુ, એટલે વલશાડના અન્જુમનનો કબજો ભોગવટો થઆ વ- "લશાડની પારશી અન્જુમન એ અગીઆરીની માલીક છે. એ અ- "ગીઆરી મારી ખાનગી માલકીની નથી. એ મકાન ધરમનુ મકાન "છે મારા અગીઆરી સબધી જેટલા હકો છે, તે બધા અન્જુમન- "ના તરફથી છે એ અગીઆરી હુ કોઇને વેચી શકતો નથી, અથ "વા ગીરો આપી શકતો નથી જો અન્જુમન મારૂ કાઇ ગેરવાજબી "જોએ તો મારો કબજો તે છેડાવી શકે." વલી એજ જુબાની વાંચતા માલમ પડે છે કે વલશાડની બીજી કોઇપણ અગીઆરી ઉપર એમનો અખતીઆર છે, તે કરતા આ ચીનાઇની અગીઆરી ઉપર એમનો કોઇપણ વીશેશ અખતીયાર નહીં હતો આ કામના ઠરાવથી નીકલે છે કે **વહીવટ કે ઉપરીપણાંની શતા પણ તેઓ શાબીત કરી શકીઆ નથી; એટલુંજ નહીં પણ બીજાઓને તેમની પરવાંનગી લેવાની પણ જરૂર નથી, એમ નીકલે છે.**

આવો આ તકરારી અગીઆરી સાથેનો દશતુર ફીરોજજીનો સબધ તે કબજા ભોગવટાનો નહીં હતો, તો માલકીપણાનો તો હોએજ કાહથી ? તેમજ એ સબધ કાંઇ વઊશપરમપરાનો નહીં હતો કે જેથી બાપના મોહોતની પછી તેના દીકરાને ઉતરે. એવુ કામકાજ કરવા અન્જુમન ગમે તેને નીમી શકે છે, અને જેને નીમે તેજ તેટલો પણ અખતીઆર પચના તાબામા રહી ચલાવી શકે. (કાગલોની G H. J R જુઓ

ઉપલા દશતુરજી કેટલાંક વરશ થઆં ગુજરી ગઆ છે તેમની પાછલ ચાર છોકરા મુકેઆ છે, તેમાના કોઇને પણ દશતુરી મલી નથી. **વાહી આ પરમાંણે દશતુરીમાંજ નથી,** તો એમનો બાપ જે જુજ કાંમકાજ ઇઆ ઉપરીપણાનો અખતીઆર ભોગવતો હતો, તે ભોગવવાને પણ એ સઘુલગો લાએક નથી, અને ન હતો, એ વાતને વીવાદ છે **એનો કબજો હતો, અને તે કબજો છુટીઓ એ કેવલ નહી મનાવા જેવી વાત છે.** નજદીક વલશાડની આખી પારશી અંજુમનની સાંમણે આવી રીતની ફરી-

આદ કરવા જેવી હતી. કેમકે પોતાનો કબજો તા૦ ૧૨ જાનેવારી ૧૮૮૯ ને રોજે લુટેઓ એમ એઓ કેહે છે તે વખતે એમનાંજ કેહેવા પરમાણે આ બે પ્રતીવાદીઓએજ નહીં પણ પારશી અન્જુમન અને પંચાતનાં ઘણાંખરાં માણશો અને આબરૂદાર શેઠીઆઓએ એ અગીઆરીમા જઇ કીરીઆ બંદગીમાં ભાગ લીધો હતો અને હાજરી આપી હતી. પરંતુ તે બધાપર ફરીઆદ ન કરતાં, આ બે પ્રતીવાદીઓનેજ ચુંટી કાહડવાનુ વાદી હશાવા શરખું અને પોતાનેજ નુકશાનકારક કારણ બતાવે છે, તે આ છે. "ઊપર લખાવેલા શખશોમાંથી જેમને મનાઇ થઇ છે, તેમને તથા તેમના માણશોને અગીઆરીમાં આવતાં બંદગી કરવા આવતાં અટકાવી શકાએ છે, બીજાને નહીં **એ લોકને અટકાવું છેઉ તે ફકત ઉપલા મનાઇ હોકમને લીધે નહીં, પણ મારે ને તેમને લડાઇ છે."** અગીઆરી બાબતને માટે હુ એમને અટકાવુ છુ, એ લડાઇ બારેક વરશ થઆં સરૂ થઇ છે. **એ લડાઇ નહીં હોત તો હું એમને અટકાવતે નહિં.** એટલે મનાઈ હોકમ તો શને ૧૮૮૪માં થઓ છે, તે વીશે આગલ બોલવામાં આવશે તેની પણ અગાઉ છ સાત વરશથી આ 'મહાંન હક'નો દાવો વાદી માગે છે આ સવછંદી હકનો તીરસકાર કરવા અને તેની સામુ થવા એક પારશી બચ્ચુ પણ વાર લગાડશે નહીં—તો આખી અન્જુમન આ જુલમ અને ગુલામી હુમ કબુલ કરી શકશે ? આખી મંડલીને સારૂ ધરમનુ મકાન, તેમા એજ મંડલી તરફથી કામ કરનાર એમનોજ તાબેદાર એજ મંડલીનાં માણશોપર પોતાની સવછંદી અને જુલમી વરતી પરમાણે પોતાની ખાનગી દ્વેશભાવ મનમાં રાખી વેર વાલે, અને તે વરશોના વરશો સુધી ? એ વાત કોઇપણ ખરો પારશી એક પલ માત્ર ચાલવા દે નહીં, તો આખી પંચ એવો અખતીયાર કોઇપણ દીવશ આપે ? અને ન આપે તો આ દાવો કેવલ બીજાઓને પશેમાનીમા નાખવા જુજ ખરચે અજમાએશ કાઢવા કરેલો છે, તે શીવાએ કોઇ કારણ માલમ પડતુ નથી.

આટલુ છતાં વાદી, ઇઆ તેનાં માણશો બીજા મોબેદાની પેઠે આતશ ચરાગ વગેરેનુ કામ કરતો હોએ તો, તેમા કાંઇ વીશેશ વા-

ત નથી તેવી રીતે અખીકાર પામેલા બીજાઓ પણ કરે છે, તેમ કરવાનો તેમનો હક છે અને તે પરમાણે તેમને કરીઉ છે, તેથી કબજો થઇ શકતો નથી. **એટલે કબજો હતોજ નહીં, તો તોડજ કયાંથી ?** વાદીનો કબજો હતોજ નહીં, એ વાત હકીકત અને પુરાવાથી શાફ નીકલે છે, એટલુજ નહીં, પણ એવો કબજો શાબીત કરવા જરા જરા શરખા પરયતનની સામણે અંજુમન અને તેમાના પારશીઓ વખતે વખત થઆના અને દસતુરજીને માફી માગવી પડેલીના દાખના આ કામમાથી જણાએ છે, (ની બી B C. જુઓ) મોબેદ કુટુબનો હોવાથી બીજા મોબેદો પરમાણે કામ કાજ કરે, ઇઆ પોતાના માણશો પાસે કરાવે, **તેથી પોતાનો કબજો થતો નથી. અને તેથી બીજાને અંદર દાખલ થતાં અટકાવવાની શત્તા એને મલતીજ નથી.** વાદી કહે છે કે કીરોઆ કરતા માગી પરવાંનગીની જરૂર છે. પરવાંનગી લીધેલીના થોડાક દાખલા બતાવે છે પરતુ એણે પરવાંનગી નહીં આપી અને તેથી બચારા પારશી અટકી પડીઆ, એવો એક દાખલો વાદી આપી શકીઓ નથી માટે પરવાનગી કોઇએ લીધી હોએ તો તે એક વીવેક દાખલ સમજવી, અને તેવી વખતે અગીઆરીમાં કેટલીક અવલથી તઇઆરી અને ગોઠવણ કરવી પડે, તે કરી રાખવાની શોચના દાખલ શમજવાની છે વાદીનાંજ કેહેઆ પરમાણે ઘણી બાબતોમાં તો તેની પરવાંનગીની પણ જરૂર નથી, (જેને ટરમટ ડીડ કહેછે) અને જે આ કાંમમાં દાખલ છે K **તેમાંથી દશતુરને કોઇપણ શતા મલતી હોએ તો તેટલી પણ વાપરવા વાદી લાએકાત બતાવી શકીઓ નથી.** એના માણશો અગીઆરીમાં રેહેવાથી કોઇનો કબજો ટુટતો ન હતો, તો પછી પરતીવાદીનાં માણશો ધરમને અરપે તેમાં રેહે અને તેમને પંથ હરકત ન કરે, બલકે ગરબીત મજુરી આપે તો તેમનાંથી પણ કોઇનો કબજો ટુટતો નથી ખરેખરૂ જોતાં આવો હક વાદીને હોએ, એટલે તેનાજ કબજો ગણી શકાએ. અને તે મરજીમાં આવે તીઆરે બીજાને આવવાની મના કરી શકે, તો આ અગીઆરી ધરમનુ મકાંન છે, અને બધા પારશી લોકનાં ધરમીક લાભને શારૂ છે, એ વાત અનુરા-

રતી આવનીજ નથી. એ સાથે આ વાત ઉમેરો કે બીજા કોઇ મોબેદ પાશે કાંમ નહિ કરાવતા મારી પાશે કરાવે, એવો દાવો વાદી કરી શકે તો પછી પંચમાંથી પંચપણુ અને અગીઆરીમાંથી અગીઆરી નાબુદ થયુ સમજવુ

આટલા ઉપરથીજ વાદીનો કબજો ન હતો, અને ન હોઇ શકે એમ શપશટ માલમ પડે છે. તેથી લબાંણુ કરવાની કઇજ જરૂર નથી, તોપણ આ કેશની વધારે તપાશમા ઉતરીશુ તો તે નીરઅરથક ગણાશે નહીં.

અને ૧૮૮૪નાં જુન માશમાં તે વખતના વલશાડ ડીવીઝનના મેહેરબાન ફરશટ કલાશ માજીશટરેટ શાહેબ બાહાદુર ઉમેદરામજીએ અગીઆરીમાં શુલેહનો ભગ થશે, એમ ગણી આ કાંમના પ્રતીવાદીઓને હોકમ કરેઓ કે દીવાની કોરટથી હોકમનામુ મેલવે તીઆ સુધી એ અગીઆરીમાં ધરમની કીરીઆ કરવી નહીં એ હોકમ કીરીમીનલ પરોશીઝર કોડની કલમ ૧૪૭ પરમાણે કરેલો છે આવો હોકમ આ કોડ પરમાણે થઇ થકે કે નહીં એ શકભરેલુ છે તેમા જે ધરમની કીરીઆઓમાં જીવતા અને મુએલા હજાગે જીવોના મોટામા મોટા લાભ આ લોક અને પરલોકના સમાએલા લાભ છે તેવી કીરીઆ કરતાં અટકાવી શકાએ એવું પગીણામ કાએદા કરનારના ઈરાદામા હોએ એ શભવતુ નથી આ પરમાણે છે, તો ઈંડીઅન લા રીપોરટ પ. મુબઇ પાનુ ૩૮૭ લીલુ વીરૂધ આંનાજીનો ફેસલો બતાવીઓ છે, તે અહીંઆ લાગુ પડતો નથી આ હોકમ ગમે તેવો હતો તેતો તીઆ બાબતનુ કાંમ ચલાવવા વાદીએ મજુરી માગવાપર ઇઅતન કરેલો તેમાં હજુસુધી તે ફાવી શકીઓ નથી, અને છેલ્લી અરજ શેશન કોરટે રદ કરી છે, તેથી મેજીશટરેટ કે આર બમનજી ફરશટ કલાશ મેજીશટરેટ શાહેબે પણ ફરીઆદ કાહાડી નાંખી છે (જુઓ L નીશાંનીનો કાગલ) D નીશાંનીના કાગલથી નીકલે છે કે આજ અગીઆરીનો કબજો લેઇ લીધો, તે અપાવો એમ પેહેલા મામલતદાર કોરટમા ફરીઆદ કરતા અરજી નામજુર કરેલીની શામણે હાઇ કોરટને અરજ કરી, તે પણ તે નામદારે રીજેકટ કરી છે

વાદી એક વખત કેહે છે કે મારેઃ કબજો ગએલો અપાવો, બીજી વખત કેહે છે કે થોડો કબજો મારો છે, "વલી તા૦ ૧૨મી જા-

નેવારીએ અંદર પેશી મારો કબજો લીધો એમ કહુ છું." આ પરમાણે વખતે વખત જુદુ બોલવુ છે, એટલુજ નહીં, પણ મારો સવતંતર કબજો હતો, તે અપાવો બલકે એ મકાન હમારી માલકીનુ કદીમથી ઘણી પેહેડીથી હમારા કબજા ભોગવટાનુ છે. આવી વીરૂધતાઓમાં શચાઇ સોધી કાહડવી બહુજ કઠણ છે **(કબજો)જ શાબીત કરી શકીઆ નથી; તો ગઓ કહાંથી ? અને જવાનું કાંઇ નથી તો માગવાનું શું રહે છે ?** વલી ફોજદારને આપેલી E અરજીમાં લખે છે કે કબજો લેઇ લેવાની પ્રતીવાદી કોશીશ કરે છે. એ વખતે દાવા પરમાણે તો કબજો ગઓ હતો, તો પછીથી કોશીશ કરે છે, એમ લખવુ ગલત છે. અને તેનુ કારણ બતાવે છે તે વલી વધારે ગલત અને હશવા સરખુ છે પરતીવાદીઓ અંદર ઘુશી ગઆ પછી ચારેક માશ સુધી નીરાંત ભોગવીઆ બાદ આ દાવો કરેઓ છે. **વાદીનાજ કેહેવા પરમાંણે તા૦ ૧૨ જાનેવારીને રોજે ગામના બધા મોબેદો અને ઘરહસથો પરતીવાદીઓ સાથે આવીઆ હતા. એથીજ સાફ દીસે છે કે વાદીનો કબજો કોઈ કબુલ કરતું નહીં હતું.**

વાદીએ તરણ શાહેદો આપીઆ છે, તેમા પેહેલા બે તો પ્રતીવાદીઓજ છે. તેમના તરફથી વાદીને કાઇ ફાએદો થાય એમ નથી, અને હોએ પણ નહિ. તરીજો શાહેદ બરજોરજી ઇજીઆરજી છે તે વાદી પાશે અને તેનાં કરતા ચાર ઘણી મુદ્દત સુધી વાદીના બાપની પાશે ભણેલો છે, એટલે ગુરૂ શીખશયના ભાવથી તેનુ વલાણ પુરતુ વાદીના તરફેણમાં છે એ સવભાવીક છે એનુ કેહેવુ છે કે જાનેવારી ૮૯ની તા૦ બારમીએ પ્રતીવાદી વીગેરેને મના કરેઆ છતાં અગીઆરીમાં ઘુશેઆ, પરતુ એ વાત તો પ્રતીવાદીઓ જાતેજ કહે છે. **પણ તેમ કરવા તેમને કશી મનાઈ કે હરકત ન હતી.** એ જોવાનુ છે તેના મનમાં હશે કે (ફીરોજજીની) પરવાંનગી શીવાએ અગીઆરીમાં અવાએ નહિ એવો હુકમ થઓ છે **પણ હાલ ફીરોજીજ નથી તો પરવાંનગી કોની માંગે ! !** આ આદમી વાદીનુ માણસ, તેના બોલવાપર કોરટને ભરોશો રહી શકતો નથી આ પરમાણે ખરૂ જોતા **વાદીને આખા વલશાડમાંથી એકજ શાહેદ મલી શકેઓ છે.** અને તે પણ પોતાનો ચેલો, પોતાની

મેહેરબાંનીપર ગુજરાંનનો આધાર રાખનારો, અને જેની દરકાર નહિ કરતાં પ્રતીવાદીઓએ પોતાનો જાહેર હક અમલમા આણેલો તેથી ખીજવાએલો એવો નીમખહલાલ જુવાંનીઓ છે. **વાદી પોતાનો કબજો જણાવતાં પોતેજ પ્રતીવાદીઓના લાભમાં અને પોતાની વીરૂધ શાહેદ તરીકે ખપવા લાગેઓ છે**, તેથી તેણ પોતાનોજ ઉપકાર માનવાનો છે.

વાદી સુધાં પ્રતીવાદીઓએ છ શાહેદ આપીઆ છે. તેઓ પ્રતીવાદીના લાભમાં જુબાંની આપે છે એમાં કાંઇ નવાઈ જેવું નથી; તેમાં કેટલીએક વીરૂધતાઓ છે તે પણ એકંદરે વાદીના દાવાને નુકશાંનકરતા છે એ વાત કબુલ કરવી પડે છે. **શરવેથી અગતીઅની જુબાંની તો વાદીનીજ છે.** તે વીશે ઉપર પુરતુ વીવેચન કરીઉ છે વલી વાદીના દરેક શાહેદ શુ કહે છે, તે લખી લબાણ કરવાની જરૂર નથી, તેમ તેમની જુબાંનીથી તુલના કરવાની મેહેનતમાં પડવાની પણ જરૂર નથી, કેમકે વાદીને જીતવાનુ જે છે, તે વાદીના પખશની મજબુતી અને ખરાપણાંપર છે; નહીં કે પ્રતીવાદીના હકની ખોડખાપણથી તેને જીતી જવાનુ છે વાદી તથા પ્રતીવાદીના વકીલે ફેસલાઓ બતાવીઆ છે તેપર પુરતો વીચાર કરવામા આવીઓ છે. (ઈ લા રી ૩ મદરાશ પાનુ ૨૫૦ શબાવની છે ની પી શુખશપવેલી ઇ લા રી ૫. મુબઇ પાંનુ ૩૮૭ લીલુ પી. આનાજી તથા પાનુ ૨૦૮ વરજીવણદાશ માધવદાશ વીગેરે પી મહમદખાન ઇબરાહીમખાન વગેરે ઇ લા રી અલાહબાદ. પાનુ ૪૩૪ ફતેહમલખાન પી મહમદ યુશફ ઇ લા રી ૬ મુબઇ પાનુ ૧૧૬. રાંમતવે શીવરાંમ. ઇ લા રી. ૧૦ મુબઇ પાનુ ૨૨૦ ભીખાજી રાંમચદર પી. પરશોતમ ફ્રી રૂલીંગ મારચ શને ૧૮૮૯ મુબઇ હાઇકોરટ.

આ કામમા બને પખશે એક બીજાપર જે દવેશભાવ બતાવીઓ છે તે તથા દેખીતી રીતે પોતાની જાણમાં વાત હોવીજ જોઇએ, તેનો ઘણી વખત ઇનકાર કરી સચાઇનાં કાનુનો તરફ બેદરકારી અને શવારથનુ અધપણુ બતાવીઉ છે, એ ખરેખર બહુજ દલગીરી ભરેલું છે.

આ કાંમની શઘળી બીના અને• પુરાવાપર ઘણીજ સભાળ અને બારીકીથી વીચાર કરતા મુદા अ ૧ અને ब ૧ ઉપર, અને તેથી

કરીને દરેક બીનાપર વાદીના વીરૂધમાં ઠરાવ કરૂ છુ, અને વાદીનો દાવો રદ કરૂ છુ, અને ફરમાવુ છુ, કે પ્રતીવાદીઓનો નીચે મુજબનો ખરચ વાદીએ આપવો શને ૧૮૭૬ના આકટ ૩ કા ૧૫.

CHHAGANLALL BHOOTHURJEE

મામલતદાર ઓફ બલશાડ.

આ જડજમેટ ઉપરથી શાબીત થયુ કે ચીનાઇની અગીઆરી ઉપર ખરશેદજી ફીરોજજીનો બીલકુલ હક નથી મરનાર ફીરોજજીએ ઇસવી ૧૮૭૬માં એજ અગીઆરી ઊપર ખોટો દાવો કીધેલો પણ તેમા તેવણ ફાવીઆ નહીં, તીઆરે ૧૨ વરશનો વચમે ગાલો નાંખીને ફીરોજજીના છોકરા ખરશેદજીએ એજ અગીઆરી વીશે જમશેદજી પેશુતનજી વીગરે ઉપર ફરીઆદ કીધી તે ફરીઆદ વલશાડના રાવ બાહાદુર મામલતદાર શાહેબે ના ૩ જો, શને ૧૮૮૯ની રદ કીધી, તે ઉપર ખરશેદજી મજકુરે મુબઇની નામદાર હાઇ કોરટને અપીલ કીધી તે અપીલબી તા૦ ૨૩ શપટેબર ૧૮૮૯ **ને રોજે રદ ગઇ.**

તેમજ પ્રતીવાદી જમશેદજી પેશુતનજી વીગરે ઉપર ફોજદારીમાં કાંમ ચલાવવાની ખરશેદજીએ પરવાનગી માગેલી, તે પણ સુરતના મેહેરબાન શેશન જડજ શાહેબે **બે વખત રદ કીધી.** તેથી તે **શાહેબના ઠરાવ ઉપરથી** ખરશેદજી મજકુરે મુબઇની નામદાર હાઇ કોરટને અપીલ કીધી. તે અપીલબી તા૦ ૨૬ શપટેંબર શને ૧૮૮૯ને **રોજે રદ ગઇ.**

આ પરમાણે તકરારી અગીઆરીના ખોટી રીતે માલીક થવા અને તે ઉપર સતા ચલાવવાને માટે વલશાડ, સુરત, અને મુબઇ સુધી ખરશેદજી ફીરોજજી પોહોચી વલીઓ, પણ આવી રીતે ખોટા દાવા કરનારનુ ઇનસાફની આગલ કાંઈ ચાલતુ નથી, અને અતે સચાઇજ દીપી નીકલે છે માટે ખરશેદજીને ખોટાં કામથી દુર રહેવાને હમે ચેતવણી આપીએ છીએ કે હવેથી તેઓએ મજકુર અગીઆરી બાબત ખોટી ફરીઆદ કરવી નહીં એમ ખોટી ફરીઆદ કીધાથી ચીનાઇની અગીઆરીનો માલીક કોઇ દહાડો ખરશેદજી થવાનો નથી

જમશેદજી પેશુતનજી.

સુરત "વિક્ટોરિયા પ્રેસ"મા મછારામ ઘેલાભાઇએ છાપ્યું